# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080

**સોમવાર ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬**




## સંક્ષિપ્ત સમાચાર

### છોટાઉદેપુર જિલ્લા માહેશ્વરી યુવા સંગઠનની સત્રની નવી કાર્યકારિણી સમિતી રચાઇ



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર જિલ્લા માહેશ્વરી યુવા સંગઠનની સત્ર 2026-2029ની નવી કાર્યકારિણીની રચના સર્વાનુમતે કરવામાં આવી હતી. છોટાઉદેપુર શહેર સ્થિત સાવરિયા પાર્ક ખાતે શનિવારે સાંજે 5:00 કલાકે જિલ્લાના માહેશ્વરી સમાજના યુવાનોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રાંતીય ઉપાધ્યક્ષ નરેશજી બાંગર તથા દાહોદ જિલ્લા પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યુવા સંગઠનની નવી ટીમની રચના કરવામાં આવી હતી. બેઠકમાં વડોદરા જિલ્લા માહેશ્વરી સભાના કોષાધ્યક્ષ અશોકજી અજમેરા, વડોદરા જિલ્લા માહેશ્વરી સભાના ઉપાધ્યક્ષ સંજયજી સોની, જિલ્લાના અગ્રણી અંજકુમારજી માલપાણી સહિત સમાજના પદાધિકારીઓ અને યુવા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### છોટાઉદેપુર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ગણપતિ મહોત્સવમાં અધિકારીઓએ આરતી કરી



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર પોલીસ હેડ ક્વાર્ટર, ખુટાલીયા ખાતે આયોજિત ગણેશોત્સવ દરમિયાન ગણપતિ બાપાની ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં જિલ્લાના ન્યાયતંત્ર, વહીવટી તંત્ર તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ ઉપસ્થિત રહી ગણપતિ આરતીનો પવિત્ર લ્હાવો લીધો હતો. પોલીસ હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલી આરતીમાં પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ એસ. એમ. ટાંક, એડિશનલ સેશન્સ જજ એમ. એલ. શેખ, ફેમિલી કોર્ટના તિવારી તથા છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક (IPS) શ્રી ઈમ્તિયાઝ શેખ દ્વારા શ્રદ્ધાપૂર્વક આરતી કરવામાં આવી હતી.આ તમામ પ્રસંગોએ ડીવાય.એસ.પી. (હેડ ક્વાર્ટર) ડી. કે. રાઠોડ, પોલીસ ઇન્સ્પેક્ટર એસ. ડી. કલારા, હેડ ક્વાર્ટર પોલીસ ઇન્સ્પેક્ટર એમ. જે. ચૌધરી સહિત અન્ય પોલીસ અધિકારીઓ અને હેડ ક્વાર્ટર પોલીસ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

### કાલોલમાં પોરવાડ ફળિયામાં શ્રીજી યુવક મંડળ દ્વારા ગણપતિ સ્થાપના અને નવચંડી યજ્ઞ યોજાયો



**કાલોલ :** કાલોલ નગરમાં પોરવાડ ફળિયામાં શ્રીજી યુવક મંડળ દ્વારા ગણપતી સ્થાપનાના દિવસોમાં આજે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭ થી વધારે યુગલો એ આ નવચંડીની પૂજાપાઠ કરી હતી. છેલ્લા 40 વર્ષથી શ્રીજી યુવક મંડળ દ્વારા ગણપતિની સ્થાપના કરવામાં આવે છે અને આજે રવિવારના માતાજીના દિવસે નવચંડી યજ્ઞ કરી આહુતિ આપી વિશ્વનું કલ્યાણ થાય દેશમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ વધે તેવી માતાજીને પ્રાર્થના કરવામાં આવી આજે માં ચામુંડા માની સ્થાપના કરી શાસ્ત્રોક વિધિથી બ્રાહ્મણો દ્વારા માતાજીની પૂજા અર્ચના કરવામાં આવી હતી.

### માંજરોલ ખાતે સહકાર ફાઉન્ડેશન દ્વારા ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પમાં લાભાર્થીઓ ઉમટી પડ્યા



**સંખેડા :** સંખેડા તાલુકાના માંજરોલ ગામે સહકાર ફાઉન્ડેશન દ્વારા મફત હેલ્થ ચેક-અપ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. "સ્વસ્થ સમાજ, સમૃદ્ધિની ભવિષ્ય" અને "સૌનો સંસ્કાર, સમૃદ્ધિ" ના સૂત્ર સાથે માંજરોલ ગ્રામ પંચાયત ખાતે આ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં Dr. BHARGAV RAVAL (MD) અને Dr. DHRUV RAVAL (BAMS) દ્વારા સેવા આપવામાં આવી હતી. કેમ્પમાં આપવામાં આવેલી સેવાઓ: બ્લડ પ્રેશર ચેક, ડાયાબિટીસ ચેક, ડોક્ટર કન્સલ્ટેશન, BMI / વજન ચેક, ઓક્સિજન લેવલ તપાસ અને જરૂર મુજબ માર્ગદર્શન અને દવાઓ સંપૂર્ણ મફત આપવામાં આવી હતી.

### ડેરોલ સ્ટેશન ખાતે શ્રી કૃષ્ણ યુવા ગ્રુપ દ્વારા ગણેશ ઉત્સવમાં દાદાને અન્નકૂટ ધરાવાયો



**કાલોલ :** ડેરોલ સ્ટેશનના ઘી કાંટા રોડ ખાતે યોજાયેલા ગણેશ ઉત્સવમાં ભક્તિમય માહોલ વચ્ચે શનિવારે રાત્રે વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીને છપ્પન ભોગ અન્નકૂટનો ભવ્ય પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. શ્રી કૃષ્ણ યુવા ગ્રુપ દ્વારા આયોજિત આ ગણેશ ઉત્સવમાં આજ રોજ ગણપતિ દાદાના સાનિધ્યમાં વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ વ્યંજનો અને મિષ્ટાન ધરાવીને અન્નકૂટ ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દાદાના મનમોહક શૃંગાર અને અન્નકૂટના દર્શન માટે આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગણેશભક્તો ઉમટી પડ્યા હતા. સમગ્ર મંડપ "ગણપતિ બાપા મોરિયા" ના જયઘોષથી ગુંજી ઊઠ્યો હતો.

---

**ગાયોના તબેલા નજીક બાઇક ચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત**

## પાદરા તાલુકાના કાંદા ગામે બાઈક ઝાડ સાથે અથડાતા બે યુવકોના મોત

પોલીસે અકસ્માતે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે




(પ્રતિનિધી) પાદરા, તા.20

પાદરા તાલુકાના કાંદા ગામની સીમમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે હંકારી રહેલી બાઈક લીમડાના ઝાડ સાથે અથડાતા બાઈક સવાર સહિત બે યુવકોના મોત નીપજ્યા હતા. મળતી માહિતી મુજબ, ગત રોજ સાંજના સમયે કાંદા ગામની સીમમાં ગયાપુરાથી કાંદા તરફ આવવાના રસ્તે ગાયોના તબેલા નજીક આ અકસ્માત સર્જાયો હતો. કાંદા ગામના માનવ કાલીદાસ રાઠોડીયા (ઉં.વ. 22) નવી નંબર વગરની યામાહા મોટરસાઈકલ લઈ મુવાલ ગામેથી પરત કાંદા તરફ આવી રહ્યા હતા. તેમની સાથે પાછળની સીટ પર લક્ષ્મણભાઈ જગદીશભાઈ રાઠોડીયા (ઉં.વ. 28) બેઠા હતા. દરમિયાન માનવે મોટરસાઈકલ પૂરઝડપે અને બેફિકરાઈથી હંકારી રોડની બાજુમાં આવેલા લીમડાના ઝાડ સાથે અથડાવી દેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્મતમાં બાઈક ચાલક માનવ રાઠોડીયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ તેમજ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

જ્યારે પાછળ બેઠેલા લક્ષ્મણભાઈને પણ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ સહિત શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં બંનેના સ્થળ પર જ મોત નીપજ્યા હતા. બનાવ અંગે મૃતક માનવના સગા જેસંગભાઈ હિંમતભાઈ રાઠોડીયાની ફરિયાદના આધારે પાદરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

---

**પ્રાદેશિક કમિશ્નર ગંદકીને લઈ નોટિસ આપે... આ તે કેવો વહીવટ**

## ડભોઈમાં નગરપાલિકાની કચરાપેટી ધુળ ખાતી હાલતમાં

(પ્રતિનિધી) ડભોઇ, તા.20

ગત વર્ષો માં સરકાર દ્વારા શહેર ને સ્વચ્છ ,સુંદર અને રમણીય બનાવવા લાખો રૂપિયા ની ગ્રાંટ ડભોઈ નગરપાલિકા ને ફાળવી આપેલ નગરપાલિકા એ કચરા પેટી ખરીદી ને નગરમાં લગાવવા ને બદલે ફાયર સ્ટેશન માં ઢગલો મારી ગંદકી સાફ થઈ એમ લાગી રહ્યું છે ડભોઈ નગરપાલિકા પૂર્વ ચિફ ઓફિસર જયકિશન તડવી ના વહીવટ ની હોવાનુ મનાતી કચરા પેટી ને કચરા મા કેમ નાંખી એ નગરમાં ચર્ચા નો વિષય બન્યો છે ડભોઈ નગરપાલિકા ને પ્રાદેશિક કમિશ્નર ગંદકી ને લઈ યોગ્ય કામગીરી કરવા પત્ર લખાતા હોય છે ત્યારે પ્રાદેશિક કમિશનરે સિક્કા ની બીજી બાજુ ની યોગ્ય તપાસ થાય એમ નગરજનો ઈચ્છી રહ્યા છે ડભોઈ નગરપાલિકા ના ચિફ ઓફિસરે પણ પોતાના એ.સી ચેમ્બર છોડી



ફાયર સ્ટેશન ની મુલાકાત લઈ કચરા પેટી ને કચરા માંથી કાઢી ડભોઈ મા ગોઠવવામાં આવે એવુ નગરજનો ઈચ્છી રહ્યા છે ડભોઈ મા તાજેતરમાં જ રાષ્ટ્રપતિ એસ.ઓ.યુ. માર્ગે જવાના હોય એ માર્ગ ને ઢાંકવા ની કામગીરી બાદ કચરા પેટી નો પ્રશ્ન ચર્ચા મા આવ્યો છે. ડભોઈને સ્વચ્છ સુંદર અને દર્ભાવતી બનાવવા ના ચિફ ઓફિસર જય કિશન ની કામગીરી હથેળીમા ચાંદ દેખાવા જેવી હોવાનું નગરપાલિકા પટાંગણમાં ચર્ચાના એરણે છે.

---

### ચાણસદમાં બુલેટ ટ્રેનના પીલર પાસે જુગાર રમતા ચાર ઝડપાયા

પાદરા : ગત રોજ બપોરના સમયે ચાણસદ ગામની સીમમાં બુલેટ ટ્રેનના પીલર પાસે ગૌચરની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તા-પાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે સુનીલભાઈ ચંદુભાઈ પટેલ (ઉં.વ.47), દિલીપભાઈ શંકરભાઈ રાઠોડીયા (ઉં.વ.35), આકાશભાઈ ભુપતભાઈ રાઠોડીયા (ઉં.વ.25) અને સંજયભાઈ મગનભાઈ રાઠોડીયા (ઉં.વ.27)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી પત્તા-પાના તથા જમીન દાવના રોકડા રૂ.6,230 અને આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.7,320 મળી કુલ રૂ.13,550ની રોકડ રકમ કબજે કરી હતી. આ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ મુજબ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---

**રેલવે ટ્રેકથી દૂર રહેવા તેમજ તેના જોખમ અંગે માર્ગદર્શન જરૂરી**

## કરજણમાં રેલવે બોગી પર કરંટ લાગતા બાળક ગંભીર રીતે દાઝયો

(પ્રતિનિધી) કરજણ, તા.20

કરજણ નગરમાં જુનાબજાર વિસ્તારમાં રહેતા બે બાળકો મિયાગામ-ડભોઇ રેલવે લાઇન તરફ ગયા હતા. રમત રમતમાં, એક બાળક રેલવે બોગી ઉપર ચડી ગયો, અને અચાનક તેને જોરદાર કરંટ લાગ્યો. કરંટ લાગતાની સાથે જ બાળક જમીન પર પટકાયો. આ ભયાવહ દ્રશ્ય જોઈને તેની સાથે આવેલો બીજો બાળક ગભરાઈને ત્યાંથી ભાગી ગયો. કરંટ લાગવાથી જમીન પર પટકાયેલા બાળક, જેનું નામ અર્પિત શર્મા હોવાનું જાણવા મળ્યું છે, તેના શરીરના પાછળના ભાગે ગંભીર રીતે દાઝી ગયો હતો. સદનસીબે, આસપાસના એક સ્થાનિક નાગરિકની નજર તેના પર પડતા તેમણે તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાને જાણ કરી. 108ની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને બાળકને



તાત્કાલિક કરજણની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. બાળકની ગંભીર હાલત જોતા, તેને વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે. હાલ તે ત્યાં સારવાર હેઠળ દાખલ છે. સદનસીબે, બાળક શરીરના પાછળના ભાગે દાઝી જતાં તેનો જીવ બચી ગયો છે, જે એક મોટી રાહતની વાત છે. આ ઘટનાએ રેલવે ટ્રેક આસપાસ રહેતા બાળકોની સલામતી અંગે ચિંતા જગાવી છે. રેલવે લાઇન એ બાળકો માટે રમવાનું સ્થળ નથી અને ત્યાં વિદ્યુત પ્રવાહ ધરાવતી બોગીઓ પર ચડવું અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. વાલીઓ અને સ્થાનિક તંત્ર દ્વારા બાળકોને રેલવે ટ્રેકથી દૂર રહેવા અને તેના જોખમો વિશે જાગૃત કરવા માટે વધુ પ્રયાસો કરવાની તાતી જરૂરિયાત છે. આ ઘટના અંગે રેલવે પોલીસ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. જોકે, આ દુર્ઘટના એ યાદ અપાવે છે કે જાહેર સ્થળોએ, ખાસ કરીને જ્યાં જોખમ રહેલું હોય, ત્યાં સલામતીના નિયમોનું પાલન કરવું અને બાળકોને જોખમી પરિસ્થિતિઓથી દૂર રાખવા એ સૌની સામૂહિક જવાબદારી છે. અર્પિત શર્મા ઝડપથી સ્વસ્થ થાય તેવી સૌની પ્રાર્થના છે.

---

**સગીરા હાલ વડોદરા SSGમાં સારવાર હેઠળ**

## કરજણના ધાવટ ગામે નદી કિનારે કપડાં ધોતી સગીરાને સાપ કરડ્યો

દિકરીને ઇજાગ્રસ્ત જોઇ પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઇ છે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ધાવટ ગામની સીમમાં દીકરી સામાન્ય દિવસોની જેમ કપડાં ધોવા માટે ગઈ હતી. તે દરમિયાન અચાનક જ ઘાસ કે પથ્થરની આડમાંથી આવેલા એક ઝેરી સાપે તેને ડંખ મારી દીધો હતો. સાપ કરડ્યાની જાણ થતાં જ દીકરીએ બૂમાબૂમ કરી હતી, જેથી આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. સાપના ડંખને કારણે દીકરીની તબિયત ઝડપથી લથડવા લાગી હતી. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને પરિવારજનો અને ગ્રામજનો દ્વારા સમય બગાડ્યા વિના તેને તાત્કાલિક કરજણ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. કરજણ હોસ્પિટલના તબીબો દ્વારા દીકરીને તાત્કાલિક પ્રાથમિક સારવાર (એન્ટી-વેનમ ઈન્જેક્શન) આપવામાં આવી હતી. પરંતુ, તેની તબિયત વધુ નાજુક જણાતા તબીબોએ જોખમ ન લેતા તેને વધુ અને સઘન સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં રિફર કરી હતી. હાલ વડોદરા સયાજી હોસ્પિટલના તબીબોની દેખરેખ હેઠળ દીકરીની સારવાર ચાલી રહી છે અને તેની પ્રકૃતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

આ અકસ્માતને પગલે ધાવટ ગામના લોકોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે અને દીકરીના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે.

---

**કરાર માત્ર સાદા કાગળ પર જ ?**

## ડભોઈમા પ્રથમેશ એન્ટરપ્રાઈઝના કરારમા સ્ટેમ્પ ડયૂટીની ચોરી

(પ્રતિનિધી) ડભોઈ, તા.20

ડભોઈ નગરપાલિકા દ્વારા શહેરીજનોને આલ્કલાઈન પાણી મળી રહે એ માટે પ્રથમેશ એન્ટરપ્રાઈઝને જવાબદારી સોંપવામાં આવી જેમાં કરાર માત્ર સાદા કાગળ પર કરવામાં આવેલ છે જે કરાર મા સ્ટેમ્પ ડયુટીની ચોરી જોવા મળે છે એ સાથે નગરપાલિકાએ દશ વર્ષનો કરાર કરેલ છે જેનો અધિકાર જિલ્લા કલેકટરને હોવાનું મનાય છે સાથે પ્રથમેશ એન્ટરપ્રાઈઝને માસિક આવકના પાંચ ટકા રકમ નગરપાલિકાને આપવાની રહે છે ડભોઈ નગરપાલિકાએ પ્રથમેશ એન્ટરપ્રાઈઝને પાણીનુ કનેક્શન આપેલ છે જેમાં વિજળી ના હોય



તો પણ ટાંકી ખાલી થતાં સુધી પાણી મળી રહે એ સાથે સાથે ડભોઈ નગરપાલિકામા કેબીનનુ ભાડું સ્થાનિક વેપારીઓ પાસે અંદાજે પાંચ હજાર જેટલું વસુલવામાં આવે છે જયારે પ્રથેમશ એન્ટરપ્રાઈઝ ને છ થી સાત જગ્યા અને એ પણ મોકાની જગ્યા વિના મુલ્યે આપવામાં આવી છે જેને લઈ નગર મા ચૌરે ને ચૌટે ચર્ચા ચાલી રહી છે.

---

### ડભોઈની વિશ્વભારતી વિધાલયમાં નશાબંધી અવેરનેસ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) ડભોઇ, તા.20

ડભોઈની વિશ્વભારતી વિધાલય ખાતે અભ્યાસ કરતા વિધાર્થીઓને શાળા ધ્વારા ' નશાબંધી ' વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી.જે બાદ માં એક થી ત્રણ નંબરે આવેલા સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવા સાથે જિલ્લા નશાબંધી આબકારી ખાતું તેમજ એસ. ઓ.જી.ની ટીમ એ જાગૃતિ અર્થે કાર્યક્રમ યોજી વિધાર્થીઓ ને નશાખોરીની સમજ આપી હતી. જિલ્લાની કોલેજો અને યુનિવર્સિટીની આસપાસ દારૂ, ગાંજો, અફીણ, ચરસ, અને ડ્રગ્સનું વેચાણ કરી યુવાનોને નશાની લતે ચડાવી અને નશાયુક્ત કેફી દ્રવ્યો નું વેચાણ કરી રૂપિયા રળી લેવા ના ધંધા કરતા ખેપિયાઓ સામે અભિયાન ચલાવવા અને યુવાનો ને સાવચેત કરવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.

---

**પશુપાલકને આર્થિક ફટકો : પરિવારની રોજીરોટી છીનવાઈ**

## વીજતંત્રની બેદરકારીથી 3 દિવસમાં બીજી ગાભણ ગાયનું મોત થયું

(પ્રતિનિધી) સંખેડા, તા.20

સંખેડા તાલુકાના માંજરોલ ગામે આજે સવારે વીજ થાંભલા પરથી વીજ વાયર તૂટીને નીચે પડ્યો હતો. આ વાયરની અડફેટે વસાવા પુનમભાઈ ધનજીભાઈની ગાય આવી જતા ઘટના સ્થળે જ તેનું મોત નીપજ્યું હતું. ગાયના માલિકે જણાવ્યું હતું કે ગાયને 7 મહિનાનો ગર્ભ હતો અને થોડા દિવસોમાં જ તે વિયાવાની હતી. પરિવારનું સમગ્ર ગુજરાન આ ગાયના દૂધ પર જ ચાલતું હતું. માલિકનો આક્ષેપ છે કે ઝાડની ડાળીઓ વીજ વાયરને અડતી હોવાથી તેને કાપવા માટે વારંવાર



GEB ના હેલ્પર અને કચેરીને રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતા આ કરૂણ ઘટના બની છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા તા. 18 ના રોજ સંખેડા નજીક ગોજપુર ફાટક પાસે પણ આવી જ ઘટના બની હતી. ત્યાં વીજ થાંભલા પરનો અર્થિંગ વાયર બ્રેક થઈ જવાથી કરંટ લીક થયો હતો. સવારના સમયે ભરવાડ પોતાની ગાયોને ચરાવવા નીકળ્યો હતો ત્યારે થાંભલા પાસે ચરતી એક ગાભણ ગાયને કરંટ લાગતા તેનું મોત થયું હતું.

તે ગાય પણ બે દિવસમાં વિયાવાની હતી. મૃતક ગાયના માલિક ઉકાભાઈ ભરવાડ સહિતના લોકો ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. વેટરનરી ડોક્ટર દ્વારા પોસ્ટમોર્ટમમાં પણ વીજ કરંટથી મોત થયાનું સામે આવ્યું હતું. માંજરોલની ઘટનાની જાણ ગામના સરપંચ અને GEB ને કરવામાં આવતા તાત્કાલિક લાઈન બંધ કરી દેવામાં આવી હતી.

---

**દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ઓચિંતી તપાસ બાદ કાર્યવાહી**

## દાહોદ જિલ્લામાં ૧૨ માધ્યમિક શાળાઓની માન્યતા રદ કરાઈ

**મોટા ભાગની** શાળાઓના સંચાલકો નેતાઓ અને સમાજ સેવકો

(પ્રતિનિધી) દાહોદ, તા.20

દાહોદ જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક શાળાઓ તેમજ મહાશાળાઓમાં આદિવાસી બાળકોની સંખ્યા સ્વાભાવિક રીતે જ મહત્તમ હોય છે. જિલ્લામાં માધ્યમિક શાળાઓ સંસ્થાઓ સંચાલિત હોય છે અને તેમાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ ચાલતી હોય છે. ગ્રાન્ટેડ શાળાઓમાં સરકાર ગ્રાન્ટ આપે છે, જ્યારે નોન ગ્રાન્ટેડ શાળાઓમાં સંચાલક મંડળ જ તમામ ખર્ચ ઉઠાવે છે. આવી શાળાઓમાં ભૌતિક સુવિધાઓ, મેદાન હોવુ તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા ગ્રાન્ટ અને શિક્ષકો મુજબ હોવી જરૂરી છે. શાળા શિક્ષણ બોર્ડના નિયમોનુસાર ચાલતી હોવી જોઈએ. જેથી જિલ્લા શિક્ષણાધિકારી અને તેમની કચેરીની નિયુક્ત કરેલી ટીમો દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરાઈ છે. થોડા સમય પહેલા જ ફતેપુરા તાલુકામાં માધ્યમિક શાળામાં તપાસ હાથ ધરતા ગંભીર ગેરરિતીઓ ધ્યાને આવતા જિલ્લા શિક્ષણાધિકારીએ ચાર વર્ગોની માન્યતા રદ કરીને શાળાની માન્યતા પણ રદ કરવા શિક્ષણ બોર્ડમાં ભલામણ કરી હતી. આવી શાળાઓ મોટા ભાગે રાજકીય નેતાઓ, રાજકીય કાર્યકર્તાઓ તેમજ સમાજ સેવકોની જ હોય છે જેથી ઘણીવાર રાજકીય પીઠબળ હોવાથી કેટલીક શાળાઓમા મનમાની ચલાવતી હોય છે જેમાં એક ડઝન જેટલી શાળાઓમાં વિવિધ ગેરરીતિ જણાઈ આવતા તમામ શાળાઓની માન્યતા રદ કરાઈ દેવાતા શિક્ષણ જગતમાં ચકચાર મચી જવા પામી છે

**કઈ કઈ શાળાઓની માન્યતા રદ થઈ**

૧) જ્ઞાનજ્યોત માધ્યમિક શાળા, ધાનપુર
૨) ગાયત્રી વિદ્યાલય, ધાનપુર
૩) કન્યા વિદ્યાલય, પીપેરો
૪) નવયુગ મા., ઉ.મા શાળા, લીમખેડા
૫) આદ્યશકતિ વિદ્યાલય, મેથાણ
૬) રાધિકા મા.શાળા, સારમારિયા
૭) સ્વ. કે.એમ. બારિયા ઉ.મા શાળા, ઝાલોદ
૮) દિલીપસિંહ રજાત વિદ્યાલય, સંજેલી
૯) શ્રીમતી એસ.ડી બારિયા, ગુરુ શ્રી જગન્નાથ વિદ્યામંદિર, ઘુઘસ
૧૦) જય અંબે કન્યા વિદ્યાલય, ગુણા
૧૧) તેજસ વિદ્યાલય, પીપલોદ
૧૨) ગાયત્રી વિદ્યાલય, ગુંદીખેડા

---

**એસીબીમા ગુનો નોંધાયા બાદ કાર્યવાહી**

## ફતેપુરા મંડળીના ચેરમેન અશ્વિન પારગી ભ્રષ્ટાચાર કેસમાં પદભ્રષ્ટ

(પ્રતિનિધી) દાહોદ, તા.20

દાહોદ જિલ્લાના ફતેપુરા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળીમાં ભ્રષ્ટાચારના ગંભીર મુદ્દે જિલ્લા રજીસ્ટ્રારે કડક કાર્યવાહી કરી છે. ACBમાં ગંભીર ગુનો નોંધાયા બાદ તાત્કાલિક આદેશ જારી કરીને મંડળીના ચેરમેન અશ્વિન પારગીને પદભ્રષ્ટ કરાયા છે. સાથે જ સમગ્ર સંચાલક મંડળને બરતરફ કરવાનો આદેશ અપાયો છે. અશ્વિન પારગી ભાજપ પ્રદેશ આદિજાતિ મોરચાના પૂર્વ ઉપપ્રમુખ અને ફતેપુરાના પૂર્વ સરપંચ રહી ચૂક્યા છે. તેમની સામે ACBમાં ગુનો નોંધાયા બાદ વાવડીપૂર્વના અરજદાર કલ્પેશ પારગીની રજૂઆત અને જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા માગવામાં આવેલા ખુલાસા બાદ આ આકરું પગલું ભરાયું છે.

તપાસમાં સામે આવ્યું છે કે વર્ષ 2015 પછી આ મંડળીની કોઈ નિયમિત ચૂંટણી યોજાઈ નહોતી. 2015માં બિનહરીફ થયેલી કમિટી સામે ગોધરા બોર્ડ ઓફ નોમિનીઝ કોર્ટમાં કેસ ચાલતો હતો, જે 16 સપ્ટેમ્બર 2026ના રોજ પાછો ખેંચાતા નવી ચૂંટણીનો માર્ગ મોકળો થયો હતો. રજીસ્ટ્રારે તાત્કાલિક અસરથી વિશેષ સાધારણ સભા બોલાવી કાયદાકીય જોગવાઈ મુજબ નવી મેનેજિંગ કમિટી રચવા આદેશ કર્યો છે, જેનાથી સહકારી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.